# તફાદી

'તફાદી' મુમિનના સંબંધમાં-વજેહમાં-સચ્ચી વલાયત અને મઅરેફત નો ઉમળકો છે. જેમ મારાં અગાઉના લેખોમાં ભારપૂર્વક લખ્યું છે એ મુતાબિક જ્યારે કે કોઇ મુમિન પોતાનાં મૌલા વાસ્તે તફાદી કરે છે ત્યારે એ એના દિલનો ફક્ત લેહરાવ જ નથી પણ એ એક વચનબધ્ધતા મીઆદ છે જે વક્તન ફ વક્તન કસોટીની એરણ પર ચઢતી રહે છે જ્યાં એને ઘણી કઠણ પસંદગીઓ કરવાની હોય છે.

એમાં કોઇ શક નથી કે પોતાના મૌલા પ્રત્યે ની મોહબ્બતભરી દિલી લાગણી અને કુરબાનીની તમન્ના જાનને કુવ્વત અને જોશ અતા કરે છે જેને અકલ, તફકકુર અને માઅરેફતના સબબ સહી દિશા અને પરવાઝ પ્રદાન કરે છે જેના કારણે 'તફાદી' ના સદ્‌ગુણોના લીધે મુમિન પોતાના મૌલાની રૂહાની શખ્સીયતમાંથી નીકળતાં કિરણોમાં પ્રકાશમાં નૂરમાં મુનવ્વર થઇને એક થઇ જાય છે.

આવી વ્યાપક 'તફાદી' કેવી રીતે હાંસિલ થઇ શકે ? જેમ આગળ ઉપર કહ્યું એ પ્રમાણે એ ફક્ત શબ્દો - લફઝનો મુઝાહેરો નથી મગર અમલમાં યકીનનો શાહકાર છે. 'તફાદી' ખરેખરાં અમલથી હાંસિલ કરવાની છે અને આ અમલો ત્યારે જ થઇ શકે જ્યારે કે દીનના આદર્શોને સાતે દઆએમને અને અખ્લાક મહેમુદાને આપણી રોજીંદી જિંદગીમાં અપનાવીએ અને એનું અનુસરણ કરીએ. જેમકે વલયત સૌથી પહેલી અને પરથમ છે - 'જેમ મૌલા કહે છે એમ કરો' - એ પહેલું પગથિયું છે.

'તફાદી' એ ચરિત્રનો - અખ્લાકનો આંતરિક વિકાસ છે જે આખરે મોહબ્બત અને કુરબાનીને વ્યક્ત કરવા તરફ દોરવણી કરે છે.

આવી વ્યાપક 'તફાદી' સાકાર કરવા માટે એને બે ભાગમાં તકસીમ કરી હાંસિલ કરવી પડશે. **M.B.A.** નો **Operational Research** માં ઇલ્મ તલબ કરતો તાલિબ ઇલ્મ **Fredrick W. Tayler** થી બરાબર વાકિફ છે કે જે સાયન્ટિફ મેનેજમેન્ટનો ફાધર (દાતા) કહેવાય છે તે એ કામ-વિભાજનની રીતનો વિકાસ કર્યો. જેના પ્રમાણે દરેક નાના કામનો અભ્યાસ કરી શકાય જેનાથી સૌથી સારો નતીજો હાંસિલ કરવાનો રસ્તો કયો છે તે શોધી શકાય.

ગિલબ્રેથની થીએરી એ ગૂંચવણભર્યા કાર્યને જે તે કાર્યના અંગોમાં જ વિતરણ કરી તકસીમ કર્યું જેથી દરેક અંગને બરાબર સમજી શકાય (ઉલ્લેખ માટે ૧૦ દિવસ **M.B.A.** સ્ટીવન સીલબીગરને વાંચો) અહીંયા નીચે આપેલો ગ્રાફ વાંચકોને આનો **Idea** સમજવા માટે પૂરતો રહેશે.
(ગ્રાફ ડીઝાઇન : મુ. મુફદદલભાઇ મૈમુન)

આ મિલાદ દરમ્યાન આકા મૌલાના ઇરશાદ મુનીરા છે કે મુમીનીન કુઆર્ન-મજીદની સુરતો-સુરતુલ બલદ - તક હિફઝ કરે. તો મુમિન પોતાના દિલ અને દિમાગને હિફઝ કરવાના વાસ્તે ઇસ્તેમાલ કરે અને એમ કરવામાં એ આ સુરતો હિફઝ કરી નાંખે તો એક ભાગ તે એ હાંસિલ કીધો કહેવાય. આમ ધીમે મગર ચોક્કસ રીતે એનો આંતરિક વિકાસ એને મોહબ્બત અને કુરબાનીના સાકાર કરવાની તરફ દોરી જશે.

ખરેખર, એ ઘણો લાંબો અને વિકટ ઝેહમત ભરેલો રસ્તો છે પણ ઘણાં લોકોએ પોતાની નાની જિંદગીમાં એને હાંસિલ કરેલો છે અને આજે આપણે એમને મોહબ્બતથી એહસાનપૂર્વક યાદ કરીએ છે એ લોકોએ આપણને રસ્તો બતાવ્યો છે તો ચાલો, આપણે એમનાથી પ્રેરણા લઇએ.

"કબ્રોમાં જીવતાં છે વો બારીના અવલિયા
દે છે જવાબ વો ને કે જે કોઇ નિદા કરે"
-સૈયદી સાદીકઅલી સાહેબ (ક.રૂ.)

(પન્નાઓમાં)

ફાતેમી દાવતના ઇતિહાસના અવરાકમાં કોઇ અગર નઝર કરે તો આવી સચ્ચી તફાદીની અસંખ્ય મિસાલો મળી આવશે. એમાંની થોડી મિસાલો નીચે રજૂ કરી છે.

મૌલાઇ આદમની તફાદી - જે વાલીયુલ હિંદ હતા કે જે ફરમાન મુતાબિક ફૌરન સક્કાના પીછે નમાઝ પઢવાને તૈયાર થઇ ગયા અને નમાઝ પઢી કે જે આપની પોતાના મૌલા પ્રત્યેની વલાયત, અખ્લાક મેહમુદા જેવા કે સાદેકુઝઝમીર - દિલની નૈતિક સચ્ચાઇ અને ઇખ્લાસ ફીલ અમલ દિલની સફાઇથી અમલ કરવું અને એવા કેટલાંક બીજા નેક અખ્લાકો જે આપે આપની ઝિંદગીમાં કેળવ્યા હતાં એનો સીધો નતીજો હતો.

એ જ પ્રમાણે પોતાના મૌલા સૈયદના અબ્દુલ તૈયબ ઝકીયુદદીન રી.અ. ની ખુશી એમના માટે સૌથી મહત્તમ અહેમીયત રાખતી હતી કે જે એ ઉદેપુરમાં મદફૂન સૈયદી ખાનજી ફીર સાહેબને કોઇપણ જાતના અચકાટ-ખચકાટ વગર કચરો-પૂંજો અને રસ્તાની ગંદકીને સાફ અને સ્વચ્છ કરવા તરફ દોરી ગઇ જે રસ્તાના એક મકાનમાં સબક પઢાવવામાં આવતો હતો.

એ પણ એક બહેતર અખ્લાક અને વલાયતમાંથી પરિણમતી તફાદીનો જ નતીજો હતો કે જેએ મુલ્લા રાજ બિન મૌલાઇ હસનને 'ફકીરી' નો લિબાસ પહેની મુમીનીનને જઅફર લઇનની ફિત્નતના હંગામમાં હિદાયત દેવા પર આમાદા કીધા.

આવા કટોકટીના સમયમાં એ કશું જ નહીં પણ બેન બુજાની તફાદી હતી. જે વાલીયે હિંદ - સૈયદી કાસિમ બિન હસન તકીયુદદીનની દીકરી હતાં. અને અદના ખાદિમ મુસાખાન અત્તારી સાથે નિકાહ કરવા પર પોતાના વાલિદે માજિદના ફરમાન માથે ચઢાવી તૈયાર થઇ ગયા.

એ એક શેખા મુંજાલ જેવા ઇખ્લાસના રૂસ્તમોની તફાદી હતી કે જેઓએ પોતાની ઝિંદગીને પોતાના મૌલા અને પોતાના ઇમાનના ખાતિર રાહે ખુદામાં ખર્ચી નાંખી. અગર તેઓની મિસાલ ભરી જિંદગીમાં નઝર કરીએ તો દેખાય આવશે કે તે સઘલાં વલાયત અને બેહતર અખ્લાકનો મુજસ્સમો છે. આમ તમે જોયા જ કરશો કે અખ્બાર ખરેખર, અન્વાર છે.

ઉમ્મીદ કરૂં કે આકા મૌલા (ત.ઉ.શ.) ની ૯૬મી સાલગિરાહના અય્યામુત્તઅબ્બુદાતના દિનોમાં 'તફાદી' પ્રત્યેના મારા તઅસ્સુરાતને વાચા આપવાની મારી આ નાની કોશિષ કારગર સાબિત થાય.

અલ્લાહતઆલા આકા મૌલા સૈયદના મોહમ્મદ બુરહાનુદદીન (ત.ઉ.શ.) ને સેહતો આફિયતના સાથે કયામતના દિન સુધી બાકી રાખે.

આમીન...

**અબ્દે સૈયદના (ત.ઉ.શ.)**
**અસગર ફખરૂદદીન**
www.hikmaah.com

*Gujarati Translation by :*
***Bhai Mohammad Rangoonwala***
**Kolkata**